# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-03-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. 10 હજારથી વધુ વસ્તી ધરાવતા ગામ સાથે અન્ય ગામોને સાંકળી માળખાકીય સુવિધા વિકસાવાશે-પંચાયત રાજ્યમંત્રીનું વિધાનસભામાં નિવેદન
2. નગરપાલિકાની નજીકના વિસ્તારમાં આવતા ગામોમાં ઘન કચરાનું ડોર ટૂ ડોર એકત્રીકરણ કરાશે
3. વિધાનસભામાં પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ-ગ્રામ વિકાસ વિભાગ અને વિજ્ઞાન-ટેકનોલોજી વિભાગની અંદાજપત્રીય માગણીઓ પસાર
4. વિશ્વ વન દિવસની આજે રાજ્યભરમાં ઉજવણી - મિયાવાકી પદ્ધતિથી સુરતના નધોઇમાં 15 હજાર અને અંબાજીમાં 10 હજારથી વધુ વૃક્ષોના વન કવચનું નિર્માણ કરાયું
5. રાજ્યભરમાં આવતીકાલથી તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# BACHU KHABAD VIDHANSABHA

10 હજારથી વધુ વસ્તી ધરાવતા ગામ સાથે અન્ય ગામોને સાંકળી ક્લસ્ટર બનાવીને માળખાકીય સુવિધા વિકસાવાશે. વિધાનસભામાં પંચાયત રાજ્યમંત્રી બચુભાઇ ખાબડે જણાવ્યું કે નગરપાલિકાની નજીકના વિસ્તારમાં આવતા રાજયના કુલ 2 હજાર 900 ગામોમાં ઘન કચરાનું ડોર ટૂ ડોર એકત્રીકરણ કરી નિકાલ કરાશે.

અત્યાર સુધીમાં મંજૂર કરવામાં આવેલ 3 હજાર 189 ગ્રામ પંચાયત ઘર પૈકી, 2 હજાર 939 નવીન ગ્રામ પંચાયતના કામો પૂર્ણ કરાયા છે. તેમણે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં એક હજાર 639 ગરીબ કલ્યાણ મેળા દ્વારા વિવિધ યોજનાઓ અન્વયે એક કરોડ 91 લાખ લાભાર્થીને 41 હજાર 368 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવાઈ છે.

અંતે પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળના પંચાયત પ્રભાગની 5 હજાર 94 કરોડ 62 લાખ રૂપિયાની અંદાજપત્રીય માંગણીઓ વિધાનસભામાં પસાર થઈ હતી.

. . . . . . . . . . . . .

# KUVARJI HALPATI - VIDHANSABHA

ગ્રામ વિકાસ રાજ્ય મંત્રી કુંવરજી હળપતિએ જણાવ્યું, આ વર્ષે રાજ્યમાં વધી 5 હજાર 950 સ્વસહાય જૂથોની રચના કરાશે.

વિધાનસભામાં ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની માગણીઓ પરની ચર્ચા દરમિયાન શ્રી હળપતિએ જણાવ્યું કે, મનરેગા હેઠળ આગામી વર્ષે કુલ 516 લાખ માનવદિન રોજગારી પૂરી પાડવામાં આવશે. તેમણે જણાવ્યું કે SAHAS યોજના હેઠળ સ્વસહાય જૂથોની બહેનોની બેંક લોન માટે સરકાર પોતે ગેરન્ટર બનશે. વિધાનસભા ગૃહમાં ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની 4 હજાર 700 કરોડ રૂપિયાની અંદાજપત્રીય માંગણીઓ પસાર થઈ હતી.

. . . . . . . . . . . . .

# SCIENCE & TECHNOLOGY DEMANDS

વિધાનસભાના ગૃહમાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગની 2 હજાર 534 કરોડ 83 લાખ રૂપિયાની અંદાજપત્રીય માંગણીઓ પસાર થઈ હતી.

મુખ્યમંત્રી વતી રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાએ આ માગણીઓ રજૂ કરતાં જણાવ્યું કે સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને મેથ્સ- STEM આધારિત સમાજ, વિકસિત ભારત@2047ના સંકલ્પને સાકાર કરવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. તેમણે જણાવ્યું કે આઈ.ટી. નીતિ 2022-27થી રાજ્યમાં એક લાખ નવી રોજગારીનું સર્જન થશે અને રાજ્યની આઈ.ટી. નિકાસ આઠ ગણી વધારીને 25 હજાર કરોડ રૂપિયા સુધી કરવાનો લક્ષ્યાંક  છે. તેમણે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 2025-26ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે ‘ગુજરાત આદિવાસી વસ્તી

માટે સંદર્ભ જીનોમ ડેટાબેઝનું નિર્માણ'ના પ્રોજેક્ટ માટે 4 કરોડ રૂપિયાની જોગવાઇ કરાઇ છે.

. . . . . . . . . . . . .

# ST – MANN PHAVE TYA PHARO

આગામી ઉનાળુ વેકેશન  માટે ગુજરાત એસટી નિગમ દ્વારા મન ફાવે ત્યાં ફરો નામની યોજના અમલમાં મૂકવામાં આવી છે. જે અંતર્ગત રાજ્યના લોકો માત્ર રૂપિયા 450 થી લઈ રૂપિયા 1450 સુધીમાં ચાર દિવસથી લઈ સાત દિવસ સુધી સમગ્ર ગુજરાતના કોઈપણ ખૂણે મુસાફરી કરી શકે છે.

આ અંગે વધુ માહિતી આપી રહ્યા છે હીંમતનગરના એસટી ડેપો મેનેજર એચ.આર.પટેલ ...

(બાઈટ - એચ.આર.પટેલ, ડેપો મેનેજર, હિંમતનગર)

. . . . . . . . . . . . .

# NIPER

ગાંધીનગર સ્થિત રાષ્ટ્રીય ઔષધીય શિક્ષણ અને સંશોધન સંસ્થાન NIPER ખાતે બે દિવસનું રાષ્ટ્રીય સંમેલન યોજાયું હતું. જેમાં ગુજરાત સહિત અન્ય

રાજ્યોના ઔષધીય શિક્ષણ સાથે જોડાયેલા વિદ્યાર્થીઓએ જોર્ડન, મલેશિયા, અમેરિકાના નિષ્ણાતોનું માર્ગદર્શન મેળવ્યું. આ સંમેલનમાં 15 સંવાદ યોજાયા, જેમાં 7 આંતરરાષ્ટ્રીય અને 8 રાષ્ટ્રીય વક્તાઓ હતા. આ કાર્યક્રમમાં 145 પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# FOREST DAY

આજે 21 માર્ચ એટલે વિશ્વ વન દિવસ છે. બનાસકાંઠા જિલ્લાના યાત્રાધામ અંબાજીને હરીયાળું બનાવવા 'ગ્રીન અંબાજી પ્લાન્ટેશન પ્રોજેક્ટ' અમલમાં મુકાયો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત મિયાવાકી પદ્ધતિથી 10 હજારથી વધુ રોપા તૈયાર કરાયા છે. વન વિભાગના આ અભિયાને પર્યાવરણ સંરક્ષણની સાથે સ્થાનિક સ્તરે

રોજગારીના અવસર પણ સર્જયા છે. આ અંગે ત્યાંના સ્થાનિક દિલીપ કોદરવીએ વધુ માહિતી આપી ...

(બાઈટ: દિલીપ કોદરવી, સ્થાનિક)

વિશ્વ વન દિવસની આ વર્ષની થીમ છે.. વન અને ખોરાક.. આ વિશે ઉત્તર ડાંગના નાયબ વન સંરક્ષક ડી.એન.રબારીએ વધુ માહિતી આપી.

(બાઇટ: ડી.એન.રબારી, DCF)

સુરત જિલ્લાના ઓલપાડના  નઘોઈ ગામમાં મિયાવાકી પદ્ધતિથી 1.50 હેકટરમાં વનકવચનું નિર્માણ કરાયું છે, આ કાર્યમાં મહિલા વનરક્ષક હેતલબેન જાલંધરાએ મહત્વનું યોગદાન આપી ખારાપાટ ધરાવતી ગાંડા બાવળથી ભરેલી જમીન પર 58 જાતિના 15 હજાર વૃક્ષો ઉછેર્યા છે.

. . . . . . . . . . . . .

## SOMNATH DEATH

સોમનાથના માઢવાડ બંદરે દરિયામાં ડૂબી જતાં બે બાળકો મોત થયા હતા. બંને બાળકો શાળાએથી છૂટી દરિયામાં થર્મોકોલ ઉપર બેસી રમતા હતા, તે દરમિયાન તેજ પવન હોવાના કારણે બંને બાળકો દરિયામાં ડૂબ્યાં હતા. ગામના માછીમાર યુવાનોએ માછલી પકડવાની જાળથી બાળકોની શોધખોળ હાથ ધરી હતી. જેમાં બંને બાળકોના મૃતદેહ બહાર કઢાયા હતા.

. . . . . . . . . . . . .

# JAMNAGAR- PM KISAN NIDHI

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ -PM -KISAN યોજનાનો લાભ દેશના લાખો ખેડૂતોને મળી રહ્યો છે. આ યોજનાનો લાભ મળતા જામનગર જિલ્લાના ખેડૂત ભરત ભાલોડિયાએ કેન્દ્ર સરકારનો આભાર માન્યો હતો.

( Byte - ભરતભાઇ ભાલોડિયા, ખેડૂત)

. . . . . . . . . . . . .

# NAVROJ

પારસીઓના નવા વર્ષના તહેવાર નવરોઝની આજે ઉજવણી થઈ રહી છે. શાંતિ અને સમૃદ્ધિના પ્રતીક એવો આ તહેવાર પારસી સમુદાયનો મુખ્ય તહેવાર છે. ત્યારે વલસાડના સંજાણના પારસી મહિલાએ નવરોઝ અંગે શુભકામના પાઠવી હતી.

(બાઈટ: પારસી મહિલા)

. . . . . . . . . . . . .

# WEATHER

આગામી 24 કલાક બાદ રાજ્યના મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થશે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા અનુસાર આગામી પાંચ દિવસ આ વધારો યથાવત રહેશે. જોકે રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં 24 કલાક બાદ ગરમ ભેજયુક્ત પવનોને કારણે બફારો અનુભવવો પડશે.

. . . . . . . . . . . . .